## <u>સામાન્ય માણસો માટે કેન્દ્ર સરકારની નવી યોજનાઓ</u>

- પ્રધાન મંત્રી મુદ્રા યોજના(PMMY)

- સામાજિક સુરક્ષા યોજનાઓ
  - પ્રધાન મંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY)
  - પ્રધાન મંત્રી જીવન જ્યોત વીમા યોજના (PMJJBY)
  - અટલ પેન્શન યોજના (APY)

# પ્રધાન મંત્રી મુદ્રા યોજના

**(PMMY)**

# માઇક્રો યુનિટ્સ ડેવલપમેન્ટ  રીફાયનાન્સ એજન્સી (મુદ્રા)

## પ્રધાન મંત્રી મુદ્રા યોજના

- માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા ૮મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ શુભારંભ.
- બેંકો /નાણાકીય સંસ્થાઓ દ્વારા સૂક્ષ્મ એકમોને અને બીન કૃષિ પ્રવૃત્તિઓ માટે રૂ.૧૦ લાખ સુધીની લોન માટેની જોગવાઈ.
- હાલમાં મુદ્રા SIDBI (Small Industries Development Bank of India) ની સબસીડીયરી તરીકે કાર્યરત છે.
- જે બેંકીંગ, નોન બેંકીંગ ફાયનાન્સીયલ કંપનીઝ, કો.ઓપરેટીવ, પ્રાદેશિક ગ્રામિણ બેંકો તથા માઇક્રો ફાયનાન્સ ઇન્સ્ટીટયુશન્સ વગેરેને લોનનું રીફાયનાન્સ કરશે.
- **PMMY લોન અંગે બેંક શાખાઓમાં અલગ કાઉન્ટરની વ્યવસ્થા. તેમની પ્રાદેશિક અને મુખ્ય કચેરીઓ ખાતે અલગ સમીક્ષા એકમ ખોલવામાં આવશે.**

# મુદ્રા બેંક યોજનાનો મુખ્ય ઉદ્દેશ

- આ યોજના થકી સુક્ષ્મ અને લઘુ ઔદ્યોગિક ધંધા માટે બેંકો પાસેથી સરળતાથી લોન મળી શકશે.
- જામીન સિવાયની લોનની સુવિધા.
- ઉત્પાદન, ધંધો અને સેવાકીય પ્રવૃત્તિઓ માટે લોનની સુવિધા.
- મહિલાઓ દ્વારા આયોજીત યોજનાઓને ૦.૨૫ ટકા ઓછુ વ્યાજ અપાશે.

# મુદ્રા યોજનાના લોનના પ્રકાર

**મુદ્રા યોજના ત્રણ પ્રકારની લોનોમાં વહેંચણી કરવામાં આવેલ છે**

- **શિશુ:** રૂા.૫૦,૦૦૦ સુધીની લોન.
- **કિશોર:** રૂા.૫૦,૦૦૦ થી ૫ લાખ સુધીની લોન.
- **તરૂણ:** રૂા.૫ લાખથી ૧૦ લાખ સુધીની લોન.

## <u>મુદ્રા બેંક હેઠળ નીચે મુજબની પ્રવૃત્તિઓ માટે લોન આપી શકાય</u>

# વાહન વ્યવહાર પ્રવૃત્તિ માટે લોનઃ

- ઓટો રીક્ષા, નાના માલવાહક વાહનો, થ્રીવ્હીલર્સ, ઇ-રીક્ષા, પેસેંજર કાર, ટેક્ષી વગેરે ખરીદવા માટે લોન.

## <u>સામુહીક, સામાજીક અને વ્યક્તિગત સેવા પ્રવૃત્તિ માટે લોનઃ</u>

- જેવી કે સલૂન, બ્યુટીપાર્લર્સ, જીમ, બુટીક્સ, દરજીની દુકાનો, ડ્રાય ક્લીનીંગ, સાયકલ અને મોટરસાયકલ રીપેરીંગ દુકાન, ડીટીપી અને ઝેરોક્ષ સુવિધાઓ, દવાની દુકાનો, કુરીયર એજન્ટસ સેવાઓ વગેરે માટે લોન.

# મુદ્રા બેંક હેઠળ નીચે મુજબની પ્રવૃત્તિઓ માટે લોન આપી શકાય

## ફુડ પ્રોડક્ટસ  પ્રવૃત્તિ માટે  લોનઃ

- ગૃહ ઉદ્યોગો જેવા કે પાપડ, અથાણાં, જામ/ જેલી બનાવવા, ગ્રામ્ય કક્ષાએ કૃષિ ઉત્પાદનોનું સંરક્ષણ,  મીઠાઇની દુકાનો, નાના ફુડ સ્ટોલ્સ અને ડે ટુ ડે કેટરીંગ / કેન્ટીન સેવાઓ, કોલ્ડ ચેઇન વેહીકલ્સ, આઇસ, આઇસક્રીમ બનાવતા એકમો, બિસ્કીટ, બ્રેડ અને બન બનાવતા એકમો વગેરે.

## ટેક્સ્ટાઇલ પ્રોડક્ટસ પ્રવૃત્તિ માટે  લોન:

- ટેક્સ્ટાઇલ પ્રવૃત્તિઓ જેવી કે હેન્ડલુમ, પાવરલુમ, ચીકન વર્ક, ઝરી અને ઝરદોશી વર્ક, ટ્રેડીશનલ એમ્બ્રોયડરી અને હેન્ડવર્ક, ટ્રેડીશનલ ડાઇંગ અને પ્રિન્ટીંગ, એપેરલ ડીઝાઇન,  નીટીંગ, કોટન જીનીંગ, કોમ્પ્યુટરાઇઝ્ડ એમ્બ્રોયડરી, સ્ટીચીંગ અને અન્ય ટેક્સ્ટાઇલ નોન ગારમેંટ પ્રોડક્ટસ જેવી કે બેગ્ઝ, વેહીકલ એસેસરીઝ, ફર્નીશીંગ એસેસરીઝ વગેરે.

# મુદ્રા બેંક યોજના હેઠળ ગુજરાતના લક્ષ્યાંક

- ગુજરાતમાં મુદ્રા બેંક યોજના અંતર્ગત ચાલુ વર્ષે રૂા.૧૦ લાખ સુધીની લોન આપવા માટે ગુજરાતમાં **આશરે રૂા.૩૬૦૦ કરોડનો લક્ષ્યાંક** છે, **જે વર્ષ આખરે રૂા.૪૫૦૦** કરોડ સુધી પહોંચી શકે છે અને જે અંતર્ગત રાજયના **યુવાનોને** નાના નાના વેપાર, ધંધા સ્થાપવા માટે લોન આપવામાં આવશે.

# ભાગીદાર સંસ્થાઓના નામાંકન

- ૨૭ જાહેર ક્ષેત્રની બેંકો,
- ૧૭ ખાનગી ક્ષેત્રની બેંકો,
- ૨૭ પ્રાદેશિક ગ્રામિણ બેંકો,
- ૨૫ સૂક્ષ્મ નાણાકીય સંસ્થાઓ
- અને ૨૨ નોન બેંકીંગ ફાયનાન્સીઅલ કંપનીઓ (કુલ ૧૧૮)ને ભાગીદાર સંસ્થાઓ તરીકે નામાંકન.

# યોગ્યતાનું માપદંડ (બેંક – નાણાકીય સંસ્થાઓ)

## રાજ્ય સહકારી બેંકો

**કક્ષા – અ**

- છેલ્લા ઓડીટ પત્રક મુજબ **નેટ એન.પી.એ. ૫ ટકા સુધી**.
- છેલ્લા બે વર્ષમાં ચોખ્ખો નફો મેળવેલ હોવો જોઈએ.

**કક્ષા – બ**

- છેલ્લા ઓડીટ પત્રક મુજબ **નેટ એન.પી.એ. ૫ ટકા થી વધુ અને ૧૦ ટકા સુધી**.
- છેલ્લા બે વર્ષમાં ચોખ્ખો નફો મેળવેલ હોવો જોઈએ.

# મુદ્રા કાર્ડ

- આ યોજનામાં પણ મુદ્રા કાર્ડની વ્યવસ્થા.
- ૨૦ ટકા થી ૩૦ ટકા સુધીની મંજુર લોન રકમની કાર્ડ દ્વારા ઉપાડની વ્યવસ્થા.
- મુદ્રા કાર્ડ: રૂપે પ્લેટફોર્મ પર ડેબિટ કાર્ડ; ATMs અને POS મશીનો પર ચાલશે.
- મુદ્રા કાર્ડ હેઠળ મંજૂર કરવામાં આવેલ લોન સામે પુનર્ધિરાણ આપવામાં આવશે.

# મુદ્રા કાર્ડ




Front Back

# સામાજિક સુરક્ષાની નવી યોજનાઓ

- પ્રધાન મંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY)
- પ્રધાન મંત્રી જીવન જ્યોત વીમા યોજના(**PMJJBY**)
- અટલ પેન્શન યોજના (APY)
- સુરક્ષા બંધન યોજનાઓ
  - A. સુરક્ષા ડીપોઝીટ યોજના
  - B. જીવન સુરક્ષા ડીપોઝીટ યોજના
  - C. જીવન સુરક્ષા ગીફ્ટ ચેક

# પ્રધાન મંત્રી સુરક્ષા વીમા યોજના

- આ યોજનામાં આકસ્મિક મૃત્યુ અને સંપુર્ણ વિકલાંગતા/અશક્તા માટે **રૂપિયા બે લાખ** અને આંશિક વિકલાંગતા/અશક્તા માટે **રૂપિયા એક લાખ**નુ વીમા રક્ષણ.
- લાયકાતઃ **૧૮ થી ૭૦ વર્ષ**ના બેંકમાં ખાતુ ધરાવતા તમામ ખાતેદારો.
- **અમલીકરણઃ** જાહેર ક્ષેત્રની સામાન્ય **વીમા કંપનીઓ અને અન્ય વીમા કંપનીઓ** મારફત. **બેંકના** સહયોગથી અમલ છે.
- **અમલઃ ૧લી જુન ૨૦૧૫**થી શરૂ કરવામાં આવેલ છે.
- **વાર્ષિક પ્રિમિયમ** વ્યક્તિ દીઠ **રૂ. ૧૨**/-.
- બેંક એકાઉન્ટમાંથી પ્રિમિયમની રકમ **ઓટો ડેબિટ** થશે.

# પ્રધાન મંત્રી જીવન જ્યોતિ વીમા યોજના

- રિસ્ક કવર: **કોઈ પણ કારણસર મૃત્યુ** સામે **રૂપિયા બે લાખ** ચુકવવામાં આવશે.
- પાત્રતા: આ યોજનામાં **૧૮ થી ૫૦** વર્ષની વય જુથ માટેની છે.
- આ યોજનાનુ અમલીકરણ LIC અને અન્ય જીવન વીમા કંપનીઓ બેંકના સહયોગથી અમલ.
- **અમલઃ ૧લી જુન ૨૦૧૫**થી શરૂ કરવામાં આવેલ છે.
- **વાર્ષિક પ્રિમિયમ** વ્યક્તિ દીઠ **રૂ. ૩૩૦**/-.
- બેંક એકાઉન્ટમાંથી પ્રિમિયમની રકમ **ઓટો ડેબિટ** થશે.
- ૫૦ વર્ષ પહેલા જો કોઈ વ્યક્તિ આ યોજનામાં જોડાશે તો વાર્ષિક પ્રિમિયમ ચુકવવાની શરતે ૫૫ વર્ષ સુધી રક્ષણની વ્યવસ્થા.

# અટલ પેન્શન યોજના

- સામાજીક સલામતી તેમજ વૃધ્ધાવસ્થા સાથે સંકળાયેલ જોખમો સામે રક્ષણ
- સ્વૈચ્છિક રીતે નિવૃતિ સમય માટેનું રોકાણ આ યોજનાનો હેતું છે.
- અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે કેન્દ્રિત છે.
- **અમલીકરણ** ૦૧-૦૬-૨૦૧૫ થી શરૂ.
- વય મર્યાદાઃ ૧૮ થી ૪૦ વર્ષ.
- રૂ.૧૦૦૦/- **થી** રૂ.૫૦૦૦/- સુધીના માસિક પેન્શન માટે લાભાર્થીએ **રૂ.૪૨/- થી રૂ.૧૪૫૪/-** સુધીનો માસિક ઉંમર આધારિત ફાળો ભરવાનો રહેશે.
- વહિવટ પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલોપમેન્ટ ઓથોરીટી (PFRDA) દ્વારા કરાશે.

# અટલ પેન્શન યોજના

- આ યોજનાના પ્રોત્સાહન માટે તા.૩૧-૧૨-૨૦૧૫ પહેલાં નવું ખાતું ખોલાવનારને કેન્દ્ર સરકાર દ્વારા મહત્તમ રૂ.૧૦૦૦/- ની મર્યાદામાં અથવા ખાતામાં રહેલ કુલ ફાળાના ૫૦% માંથી જે ઓછુ હશે તે ઈન્સેન્ટીવ વ્યવસ્થા. (૨૦૧૫-૧૬ થી ૨૦૧૯-૨૦ સુધી).
- વર્તમાન રાષ્ટ્રિય સ્વાવલંબન યોજનાના બચતદારો અપોઆપ અટલ પેન્શન યોજનામાં તબદીલ થશે.
- ભારત સરકાર દ્વારા ગુજરાત સરકારની રજૂઆતોને ધ્યાને લઈને યોજનાને આકર્ષક બનાવવા માટે સરળીકરણ કરવામાં આવેલ છે.

# નવી સમાજિક સુરક્ષા યોજનાઓ (તા.30-0૯-૨૦૧૫ ની સ્થિતિએ) – નવસારી જિલ્લા

| | ખાતાધારકોની સંખ્યા |
|---|---|
| પ્રધાન મંત્રી સુરક્ષા બીમા યોજના (PMSBY) | ૧,0૨,૭૨૫ |
| પ્રધાન મંત્રી જીવન જ્યોત બીમા યોજના (PMJJBY) | ૪૪,0૪૫ |
| અટલ પેન્શન યોજના (APY) | ૮૯0 |
| કુલ | ૧,૪૭,૬૬0 |

# સુરક્ષા બંધન - ઓગષ્ટ ૨૦૧૫ માં શુભારંભ

**PMSBY** અને **PMJJBY** નો વ્યાપ વધારવા માટે નીચે મુજબની નવી યોજનાઓનો શુભારંભ:

A. સુરક્ષા ડીપોઝીટ યોજના
B. જીવન સુરક્ષા ડીપોઝીટ યોજના
C. જીવન સુરક્ષા ગીફ્ટ ચેક

# સુરક્ષા ડીપોઝીટ યોજના:PMSBY

- પ્રધાન મંત્રી સુરક્ષા વીમા યોજના અંતર્ગત કોઈપણ વ્યક્તિના સતત કવરેજ માટે ફક્ત એક વખત ભેટની વ્યવસ્થા.
- રૂ.૨૦૧ ની રકમ રોકડમાં અથવા ચેક મારફત જમા કરવાની રહેશે.
- જે પૈકી પ્રથમ વર્ષનું પ્રિમિયમ રૂ.૧૨ તાત્કાલીક ભરાઈ જશે અને બીજા વર્ષનું પ્રિમિયમ રૂ.૧૨ ની રકમ સેવિંગ્સ એકાઉન્ટમાં અલગથી રાખવામાં આવશે.
- બાકી રૂ.૧૭૭ ની ફીક્સ ડીપોઝીટ તરીકે જમા રહેશે જેના વ્યાજ થકી ત્રીજા વર્ષથી પ્રિમિયમની રકમ પેટે રૂ.૧૨ ભરપાઈ થઈ જશે.

# જીવન સુરક્ષા ડીપોઝીટ યોજના:PMSBY અને PMJJBY

- પ્રધાન મંત્રી સુરક્ષા વીમા યોજના અને પ્રધાન મંત્રી જીવન જ્યોત વીમા યોજના અંતર્ગત કોઈપણ વ્યક્તિના સતત કવરેજ માટે ફક્ત એક વખત ભેટની વ્યવસ્થા.
- રૂ.૫૦૦૧ ની રકમ રોકડમાં અથવા ચેક મારફત જમા કરવાની વ્યવસ્થા.
- જે પૈકી પ્રથમ વર્ષનું પ્રિમિયમ રૂ.૩૪૨ (૩૩૦+૧૨) તાત્કાલીક ભરાઈ જશે અને બીજા વર્ષનું પ્રિમિયમ રૂ.૩૪૨ ની રકમ સેવિંગ્સ એકાઉન્ટમાં અલગથી રાખવામાં આવશે.
- બાકી રૂ.૪૩૧૭ ની ફીક્સ ડીપોઝીટ તરીકે જમા રહેશે જેના વ્યાજ થકી ત્રીજા વર્ષથી પ્રિમિયમની રકમ પેટે રૂ. ૩૪૨ ભરપાઈ થઈ જશે.

# જીવન સુરક્ષા ગીફ્ટ ચેક

- પ્રધાન મંત્રી સુરક્ષા વીમા યોજના અને પ્રધાન મંત્રી જીવન જ્યોત વીમા યોજના અંતર્ગત કોઈપણ વ્યક્તિના એક વર્ષના કવરેજ માટે ભેટની વ્યવસ્થા.
- PMJJBY અને PMSBY અંતર્ગત જે વ્યક્તિ વીમા પ્રિમિયમ ગીફ્ટ આપવા ઈચ્છતું હોય તે જે તે વ્યક્તિના નામનો રૂ.૩૫૧ નો ડીમાન્ડ ડ્રાફ્ટ અથવા ગીફ્ટ ચેક ખરીદી શકશે.

# આભાર